

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

મોટી નોટો ધનિકો માટે અજગર થઈ જશે!
કાળાં નાણાં માટે હવે 'બંધ' બજાર થઈ જશે!
થઈ જશે પસ્તી, પાંચસો અને હજારની નોટો -
'સુરક્ષા' હતી તિજોરી એજ મજાર થઈ જશે!!

હાઈકુ

કરે તૈયારી?!
એ ચૂંટણી-સભામાં -
ઉભા રે'વાની...
(કાળાં નાણાં માટે ઢાલ)

જુદી દિશામાં
દોડતા ઘોડાઓને
નાથશે કેમ?!
(અશાંત કિશોરની ચિંતા)

### ચિંતન

**આઠ પ્રહર ચોસઠ ઘડી, લાગી રહે અનુરાગ,**
**હિરદે, પલક ન બીસરે, તબ સાચા વૈરાગ**

સમય બદલાયો છે. સમયનું માપ પણ બદલાયું છે, ભારતીય ગણતરી મુજબ વિપળ - પળ-ઘડી અને પ્રહરમાં દિવસ-રાતનું વિભાજન કર્યું હતું. આઠ પ્રહર અને ચોસઠ ઘડી ૮ ૬૪ = ૫૧૨ ઘડીનો દિવસ ગણ્યો હતો. કબીર આ સમગ્ર સમયના ઈશ્વરભજનમાં લાગી રહે અને આંખની પલક ખૂલ-બંધ થાય તેટલા સમય માટે પણ પ્રભુનું વિસ્મરણ ન થાય તેને સાચા વૈરાગ્યની નિશાની ગણે છે. સાક્ષાત્કારની અવસ્થામાં આવી એકાગ્રતા જરુરી છે. મનના તરંગોને નાથવાનું કામ સહેલું નથી. આ સાખીમાં કબીર ધ્યાનથી એકાગ્રતા કેળવવાનો અનુરોધ કરે છે. વૈરાગીને પળભર પણ મોહ થતો નથી. તેને તો બાલશંકર કંથારીયાની ગઝલ મુજબ 'જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહીં ભાસે'ના ન્યાયે તે બાહ્ય સ્થિતિનો નહીં પણ આંતરખોજનો વિચાર કરે છે. આત્મનિરીક્ષણ દ્વારા પોતાની મર્યાદા સમજે છે.

### સુવિચાર

- પૈસાનો નશો માણસો ખરીદી શકે મિત્રો નહીં, ધન એ સાધન છે એ સગવડ આપી શકે, સુખ નહીં - **જનકલ્યાણ**
- 'સંતોષ' એટલે ભગવાનના આયોજનમાં પૂર્ણ શ્રદ્ધા - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણી ભક્તિ એટલી પ્રબળ નથી, આપણી ભક્તિ ભેળસેળ વાળી છે, શુદ્ધ ભક્તિ હોય એ શુદ્ધ ચૈતન્યનો ભેટો કરાવે જ છે - **વલ્લભાચાર્ય**
- સત્યને જાણ્યા પછી એને અમલમાં મૂકીએ તો જ સત્ય જાણ્યું સાર્થક ગણી શકાય - **ડોંગરેજી મહારાજ**
- મરી ગયેલી 'ગઈકાલ' અને નહીં જન્મેલી 'આવતીકાલ' ની પરવા કર્યા વગર જીવો તો જ તમારી 'આજ' સારી રીતે જીવી શકશો - **મોરારિ બાપુ**
- જીવન વરસતા વરસાદ જેવું છે, ભીંજાવાનો આનંદ લો નહીંતર આમ પણ વરસી જ રહ્યું છે, ખબર પણ નહિં પડે અને ખતમ થઈ જશો - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : રાઈની પોટીસ બનાવી ઝલાઈ ગયેલા અંગ પર બાંધવથી તરત રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આપણાં લોકસાહિત્યનાં પાત્રો તો ખમીરવંતા હતા જ પણ એને લોકવાર્તા દ્વારા રજૂ કરતા લોકવાર્તાના કલાકારો પણ એવા જ શૌર્ય અને વીર છાતીના હતા.

એકવાર પદ્મશ્રી વાર્તાકાર કાનજી ભૂટા બારોટ, રતુભાઈ અદાણી સાથે તે વખતના વડાપ્રધાન ઈંદિરા ગાંધીને મળવા ગયા - તેમની વાર્તા માટે દસ મિનિટ ફાળવવામાં આવી હતી.

ઈંદિરાજી ઝડપથી પગથિયાં ઉતરતાં લગભઘ દોડતાં જેવાં જોઈ કાનજીભાઈએ રતુભાઈને કાનમાં કહ્યું, 'જૂઓ તો ખરા એની ચાલ, આપણી જસમા ઓડણ જેવી સિંહણ લાગે છે ને!'

ઈંદિરાજી સાંભળી ગયાં - ઊભાં રહ્યાં અને કાનજીભાઈને કહ્યું, 'મુઝે વો જસમા ઓડન કી કથા સુનાવ.' - કાનજીભાઈ કહે, બહેન એ વાર્તા બે કલાકની છે એમ દસ મિનિટમાં ન કહેવાય!'

...અને ઈંદિરાજીએ કાનજીભાઈને બે કલાક ફાળવી દીધા...

# ચલણી નોટો રદ કરવાનો નિર્ણય : લાંબા ગાળાનો ફાયદો

**તંત્રીસ્થાનેથી...**

પુનઃ એકવાર નરેન્દ્ર મોદીએ સૌને ચોંકાવી દીધાં છે. ૫૦૦ અને ૧ હજાર રૂપિયાની નોટો ચલણમાંથી અચાનક નાબૂદ કરીને એમણે લોકોની ભાષામાં 'સૌને દોડતા' કરી દીધાં છે, લોકોને ચર્ચા કરવા માટે મુદ્દો આપી દીધો છે અને મીડિયાને પણ લખવા માટે ભરપૂર મસાલો આપી દીધો છે. મંગળવારે મોડી સાંજે નરેન્દ્ર મોદીએ આ નિર્ણય દેશવાસીઓ સમક્ષ જાહેર કર્યો પછી બુધવાર સવાર સુધીમાં તો આ બાબતને યોગ્ય ને અયોગ્ય ગણાવતા ઢગલાબંધ સંદેશા પણ સોશિયલ મીડિયામાં ફરતા થઈ ગયા છે ને હજુ નવા સંદેશા આવવાનું ચાલુ જ છે.

સૌની ચર્ચામાં મુખ્ય મુદ્દો એ છે કે મોદીએ 'આ કામ સારું કર્યું કે ખરાબ ?' વિરોધીઓ એમ કહી રહ્યા છે કે મોદીને દેશની બહારથી કાળુ નાણું પરત લાવવા માટે દેશવાસીઓએ કહ્યું હતું ને એમણે એમ કરવા માટે વચન પણ આપ્યું હતું, પરંતુ આ તો દેશમાંથી જ કાળુ નાણું બહાર કાઢી રહ્યા છે ! એની સામે મોદીસમર્થકો આ પગલાને 'જોરદાર' ગણાવી રહ્યા છે. ન માત્ર કાળુ નાણું બહાર લાવવા માટે પરંતુ નકલી નોટોનો વેપલો અટકાવવા માટે પણ આ નિર્ણય ખૂબ કારગર સાબિત થશે એવાં ઢોલ મોદીસમર્થકો વગાડી રહ્યાં છે.

આ મામલામાં બે વાત ખાસ નોંધવા જેવી છે : પહેલી વાત એ કે અર્થનિષ્ણાતોએ પણ આ નિર્ણયને સમયસરનો અને યોગ્ય લેખાવ્યો છે. મતલબ કે મોદીએ જે ઈરાદાથી આ નિર્ણય લીધો છે તે ઈરાદો આ નિર્ણયથી સુપેરે બર આવશે એવું નિષ્ણાતો માની રહ્યા છે. હા, આવા અચાનક અને દેશભરના લોકોને અસર કરનારા નિર્ણયથી સામાન્ય લોકોને શરૂઆતમાં તકલીફ તો પડવાની, થોડી દોડાદોડી પણ થવાની ને નાના પાયે હો-હા પણ થવાની, પરંતુ લાંબા ગાળે આ નિર્ણય યોગ્ય હતો એવું લોકો પોતે જ સ્વીકારશે એવું નિષ્ણાતો જણાવી રહ્યા છે. વળી, આ નિર્ણયથી નકલી નોટોનો કારોબાર અટકી જશે, આવકવેરાથી સરકારને થતી આવક વધશે, મોંઘવારી ડામવામાં સહાય મળશે, ભ્રષ્ટાચાર ઘટશે અને લોકો 'બ્લેક'ના વ્યવહારો બંધ કરશે એવો મત પણ નિષ્ણાતો પ્રગટ કરી રહ્યા છે.

બીજી નોંધવા જેવી બાબત એ છે કે અચાનક અને સૌને અસરકર્તા આ નિર્ણયથી અનેક લોકોએ રાતોરાત દોડાદોડ ભલે કરી, એક રાત હો-હા ભલે મચાવી પરંતુ એનો બહુધા વિરોધ થયો નથી. મતલબ કે અંદરખાને તો લોકોને જ પણ ખબર જ છે કે જે થયું તે સારા માટે થયું છે.

એવું જ થશે એવો વિશ્વાસ મનમાં ધરીને નરેન્દ્ર મોદીએ આ નિર્ણય લીધો છે અને એનાથી ભવિષ્યમાં દેશને જે ફાયદો થાય તે ભવિષ્ય બતાવશે પરંતુ હાલ તો નરેન્દ્ર મોદીએ પુનઃ પોતાની જાતને ચર્ચામાં લાવી દીધી છે ને પુનઃ એકવાર સાબિત કરી આપ્યું છે કે દેશ એ જ જુએ છે જે હું બતાવું છું, દેશ એ જ સાંભળે છે જે હું કહું છું ને દેશ એ જ ચર્ચા કરે છે જે હું કરી બતાવું છું.

મોદી કી ગત મોદી હી જાને !

# હરડે : આટલું જાણવું જરૂરી છે

આયુર્વેદ હજારો વર્ષ જુની પરમ્પરા છે. આજે કોઈ ચીજ પાંચ વર્ષથી વધુ ટકી નથી શકતી (જેમકે પેજર, ડીજીટલ ડાયરી) તેમા પાંચ હજાર વર્ષ જુની આ પરમ્પરા હજુ ટકી રહી છે, અલબત્ત... વિકસી છે. આયુર્વેદ આપણા ભારતીયોના લોહીમાં છે તેમ કહીએ તો ખોટુ નથી. અમુક ઘરગથ્થું ઉપચાર, અમુક ઓસડીયા આદિનો આપણને સહજ ખ્યાલ હોય છે. આજે આવા જ એક ઓસડીયાની વાત કરીએ. હરડે... લગભગ દરેક વ્યક્તિને હરડેનો ખ્યાલ હશે. ક્યારેક ઉપયોગ પણ કર્યો હશે. એવી વાયકા છે કે સમુદ્રમંથન દરમિયાન ભગવાન ધન્વન્તરિ પ્રગટ થયા ત્યારે તેમના એક હાથમાં હરડે નું ફળ હતું.



ચરકસંહિતામાં હરડે ને શ્રેષ્ઠ પથ્ય કહી છે. પથ્યેટલે જે હિતકર હોય તે, જે સુખકર હોય તે... હરડે તેમા શ્રેષ્ઠ છે. વળી, હરડે રસાયન પણ છે. એટલેકે તે શરીરનો ઘસારો અટકાવી તંદુરસ્તી બક્ષે છે.

આપણે ત્યાં એક કહેવત છે.. ''ઓકી દાતણ જે કરે, નરણે હરડે ખાય, દૂધે વાળું જે કરે, તે ઘર વૈદ્ય ન જાય..'' સદાય સ્વસ્થ રહેવા માટે શીખવતી આ કહેવતમાં નરણા કોઠે હરડે ખાવાનું વિધાન છે. આયુર્વેદમાં તો હરડેના અદ્ભૂત ગુણગાન ગવાયા છે. હરડે ને માતા સમાન ગણી છે. કહ્યુ છે કે જેને માતા નથી તેની માતા હરડે છે. હરડે પરનો આટલી હદ સુધીનો વિશ્વાસ આપણને તેનું મહાત્મ્ય સમજાવે છે.

હરડેના આવા મહાત્મ્ય પાછળ તેના ગુણો જવાબદાર છે. હરડે શરીરના મળ અને અવરોધોને દૂર કરે છે. આયુર્વેદના મતે, આપણા શરીરમાં રહેલા સ્રોતસની (નાની ચેનલ્સ કે કેપીલરીસ) શુધ્ધી હરડે દ્વારા થાય છે. એટલે હરડે ગ્રાસરૂટ લેવલ પર કામ કરે છે. શરીરના નાનામાં નાના સ્થાન પર પણ પોતાનો પ્રભાવ બતાવે છે. આંતરડાનો જમા થયેલો મળ સાફ કરી કબજીયાત દૂર કરે છે. જો પાચનતંત્ર વ્યવસ્થીત હશે તો મોટાભાગના રોગો આવતા ટળી જશે. (શરીરમાં સામાન્ય શરદી-ઈન્ફેક્શન થયું હોય ત્યારે બે ટંક ભુખ્યા રહીએ તો તરત આરામ જણાશે) અને હરડે આપણા પાચનતંત્રને મજબૂત કરે છે.

હરડેમાં લવણ એટલેકે ખારા રસ (સ્વાદ) સીવાયના તમામ રસો છે, એ જોતા હરડે ત્રણેય દોષોનું શમન કરે છે. હરડેનું બીજુ નામ 'અભયા' છે, એટલે કે હરડે રોગોને જ નહિં પણ રોગોના ભયને પણ દૂર કરે છે (માનસિક પ્રભાવ). હરડેને 'વયસ્થા' પણ કહે છે. એટલેકે હરડેના નિયમીત સેવનથી વૃધ્ધાવસ્થા આવતી નથી, અને યૌવન ટકી રહે છે (એંટીઓક્સીડન્ટ ઈફેક્ટ). હરડે નાના બાળકો માટેનું પણ ઉત્તમ ઔષધ છે. હાલ ઘણા બાળકોને કબજીયાતની તકલીફ હોય છે. આટલી નાની ઉમરથી કબજીયાત હોવી એ યોગ્ય નથી. આવામાં હરડેનો ઘસારો ઉત્તમ ઔષધનું કામ કરે છે. તે આંતરડાના મળનો નિકાલ કરે છે તેમજ શરીરિક અશુધ્ધિઓને પણ દૂર કરે છે.



**પહેલું સુખ તે જાતે નર્યા**
**ડો. કેદાર ઉપાધ્યાય**

આયુર્વેદમાં હરડેને ઋતુ અનુસાર અલગ અલગ દ્રવ્યો સાથે સેવન કરવાનું વિધાન છે. જેમકે વર્ષાઋતુમાં હરડેને સિંધાલૂણ સાથે, શરદઋતુમાં સાકર સાથે, હેમંતઋતુમાં સૂંઠ સાથે, શિશિરઋતુમાં લીંડીપીપર સાથે, વસંતઋતુમાં મધ સાથે, અને ગ્રીષ્મઋતુમાં ગોળ સાથે લેવાનું વિધાન છે. આ અનુસાર આખુંય વર્ષ હરડેનું યોગ્ય ડોઝમાં સેવન કરતા રહેવાનું આયુર્વેદાચાર્યોએ સુચવ્યું છે.

આમ, હરડે એક ઉત્તમોત્તમ ગુણો ધરાવતી આયુર્વેદની મહાઔષધી છે. તેનો વિધિપૂર્વક યોગ્ય ઉપયોગ કરીએ અને શ્રેષ્ઠ નિરામય આયુષ્ય ભોગવીએ.

- contact@atharvaayu.com

# નામરટણના પર્ણે પર્ણે તુલસીલીલાં ફળિયાં

લગભગ અગિયાર મહિના પહેલાં, જો તમારી યાદશક્તિ મારા કરતાં સારા હીય તો તમને યાદ આવશે કે આ કોલમમાં આપણે 'શિવજીને ધતૂરો' એ શિર્ષક તળે શિવજીના વહાલા મુખ્ય ધતુરા વિશે થોડીક વાતો કરી હતી. એ સમયે શંકરદાદાની આરતીની કડી 'ત્રિકમને વહાલા તુલસી, શિવજીને ધતૂરો' અચાનક જ મનમાં ઉપસી આવી હતી અને એવા પ્રભાવમાં જ એ લેખનું શિર્ષક મને સૂઝ્યું હતું. વળી તે સમયે તુલસી વિશે પણ લખવાનું મન થયું હતું. તે માટે મનને અનેકવાર તૈયાર કરવા પ્રયત્ન કર્યો પણ તુલસી એના કયારામાં જ રહ્યા અને કેટલીયે સત્યાનારાયણ ભગવાનની કથાઓમાં ઘીથી લચપચતા શીરાના પ્રસાદ સાથે હજારો હાથમાં પહોંચી ગયા પરંતુ મોટેભાગે તો મારી આળસને કારણે તુલસીપાન 'ગાંધીનગર સમાચાર'ના પાનાં પર પધરાવણી કરી શક્યા નહીં. આજે, ખરેખર તો મારી ઈંત્તેજારીનો અંત આવે છે. આમ તો આ વિલંબ નકામો ગયો છે એમ કહેવાય તેવું નથી. કારણ કે આ સમયગાળા દરમિયાન આપણ મૂર્ધન્ય સાહિત્યકાર ભગવતીકુમાર શર્માના ખરેખર અદ્ભૂત કહી શકાય તેવા નિબંધો વાંચવા મળ્યા છે. તેમનો પ્રથમ નિબંધસંગ્રહ 'શબ્દાતીત' ૧૯૮૦માં બહાર પડ્યો હતો. તેમાં 'તુલસીની મંજરીઓ' નામનો સાચવીને રાખવો પડે તેવો નિબંધ છે. લેખક એક દિવસ ઓફિસ જતાં પહેલાં, કોઈ કારણ વગર અગાશીમાં જઈ ચડે છે. ત્યાં તે શું જુએ છે ?

'તુલસીનો છોડ કમ્મરેથી વળી ગેયલી વૃદ્ધા જેવો - એટલે કે મારી મા જેવો લાગતો હતો. મા અને તુલસીને સીધો, દીર્ઘ અને ભીનો સંબંધ હતો. તેણે કેટલાંયે તુલસી રોપ્યાં હશે, આયુષ્યભર એમની માવજત કરી હશે, ઘણાંને કરમાતાં જોયાં હશે - સુકાઈ ગયેલી ડાળખીઓથી દષ્ટિમાં ખૂંચતાં, હાડકાંનાં માળા જેવી મા સરખાં, તુલસી અને મા; બે વચ્ચે સાયુજ્ય હતું - અજબ.

મેં જોયું કે ચોમાસું ઢૂંકડું હોવાથી કૂંડામાં તાજી માટી નાખેલી હતી. મા સિવાય બીજી કોનું એ કામ હોઈ શકે? એકાએક સાવ અભાનપણે મેં તુલસીનાં પાંદડાં વચ્ચે ઊગી આવેલી મંજરી તોડી, તેને મસળી અને તેનો ભૂકો કૂંડામાંથી માટી પર ભભરાવ્યો. આ ક્રિયા થઈ તો સાવ અણધારી રીતે અને સહજતાથી, પણ તે સાથે જ મારી ભીતર રોમાંચની મંજરી મહોરી ઊઠી. વર્ષોનો ફાસલો ઓગળી ગયો અને શૈશવ કૂંડામાંથી તાજી, ભીની માટીની જેમ ધમધમી ઊઠ્યું.'

વરસાદ પછી, માંજરામાંથી કવિતાની પ્રથમ પંક્તિ જેવા ફૂટી નીકળતા અંકુરો અને તેને ચકલીઓથી બચાવવાના બાળસહજ ઉધામાં વગેરેથી લેખકે એવી તો રસભરી વાતો કરી છે કે એમાં તણાઈ ગયા વગર છૂટકો જ ના રહે. એક જગ્યાએ ફરી માતાનું સ્મરણ ઉખેળે છે :

સવારે દસેક વાગ્યે મા ઠાકોરજીના પ્રસાદમાં મૂકવા માટે તુલસીનાં પાન લઈ આવવાનો અમને આદેશ આપતી. સાથે તે ઉમેરતી : 'જોજો કૂંડામાં ખરી પડતાં હોય એ પાન જ લાવજો, અથવા સાવ સુકાયેલાં હોય એ ; તાજાં, કૂણાં પાન ન તોડશો.' અમે દલીત કરતાં : 'કેમ બા? એમાં શું થવાનું હતું ?' બા સ્વસ્થતાથી છતાં ભાવથી ભર્યા ભર્યા કંઠે કહેતી : 'ના, હોં ભાઈ! તુલસીમાનો જીવ દુભાય.' અલ્પશિક્ષિત માએ જગદીશચંદ્ર બોઝ જેવા વિજ્ઞાનીની થિયરી તો કયાંથી વાંચી હોય? અને છતાં બંનેના વલણમાં સામ્ય! 'તુલસીમાનો જીવ દુભાય' એ શબ્દો મા એવી ગંભીરતાથી ઉચ્ચારતી કે અમારામાંનું ચકલીપણું ડાહ્યુંડમરું બની જતું અને અમે પૂર્ણ આજ્ઞાંકિત બની ખરેલાં કે સૂકાં પાન જ લઈ આવતાં. પ્રસાદ ઘણુંખરું ચપટીક ખાંડનો હોય; વાર-તહેવારો કશુંક મિષ્ટાન્ન (અને માના વાર-તહેવાર અનેક આવતા) પણ એ સર્વમાં તુલસીના થોડાંક પાંદડાં, સાફા પરનાં છોગાની જેમ અચૂક હોય. આપણી વનસંસ્કૃતિનાં છેલવેલ્લાં પ્રતીકોમાંનું એક!

શ્રી ભગવતીકુમાર શર્માનો આ એક જ નિબંધ તેમને ઉત્કૃષ્ટ નિબંધકારોમાં સ્થાન અપાવી શકે તેવો છે. લેખક મંજરીની સુગંધની વાત કરતાં કરતાં આપણા સ્વર, વ્યંજન અને તેનાં ઉચ્ચારણોની વાતો કેટલી કુશળતાથી ગુંથી દે છે કે આપણાતી એમનો ભાષાવૈભવ ભાળીને મુગ્ધ થઈ જવાય છે. શર્માના નિબંધોની વાત કરવા બેસીએ તો આખું પુસ્તક બની જાય. પરંતુ આપણે એક બીજી સરસ વાત કરવાની હોઈ અહીં જ અટકીએ.



**મનના ઉમંગો**
**રણછોડ પરમાર**

મુકુંદરાય પારાશર્યે સત્યકથાઓ નામનું પુસ્તક લખીને આઝાદી પહેલાનાં અડધા સૈકા કરતાં વધુ સમયગાળાને આપણી સામે જીવતો કર્યો છે. આ પુસ્તકમાં વનસ્પતિ અને વૈદ્ય નામના લેખમાં કાનજીભાઈ વૈદ્ય, એક દુરાચારી જુવાનની બીજી વાર સારવાર કરવાની ના પાડી દે છે તે પ્રસંગ આજના દરેક તબીબ-વૈદ્યે વાચવા જેવો છે. કારણ આપણે સૌએ જાણવા જેવું છે.' પૈસા લીધા વગર પણ તારી દવા હું ન કરું તેનાં બીજા પણ કારણો છે. તને ખબર છે કે આગલે વર્ષે તને સાજો કરવા હું દરરોજ સીમમાંથી જીવતા-જાગતા ચારેક છોડનાં મૂળ ખેંચી લાવી, તે વાટીને તને દવા પાતો. એના રસથી તું સાજો થયો. તને એકને સાજો કરવા મેં નિર્દોષ પાંચસો જેટલા છોડ-વેલાના જીવ લીધા. તારા જેવા દુરાચારીને સાજો કરવા એ રીતે હજુ વધુ છોડના જીવ લેવા મારી ઈચ્છા નથી - હિંમત નથી. માટે મને આગ્રહ ન કરીશ.'

એ વૈદ્યરાજ કાનજીભાઈના પત્નીનું નામ અવલકુંવર. વનસ્પતિ પ્રત્યે તેમની પણ એટલી જ ભક્તિ હતી. તેમના નાના પુત્ર ચંપકરાયને ત્યાં પહેલાં પુત્રના જન્મ પછી બે દીકરા, નાની વયમાં જ માંદા પડી તાણ આંચકીમાં ગુજરી ગયેલા. ૧૯૨૫માં ફરી પુત્ર જન્મ્યો ને દોઢેક વર્ષની ઉંમરે એ જ રીતે માંદો પડ્યો અને રાતે તાણ-આંચકી શરુ થઈ. વૈદ્યે કોઈ રસઔષધ તુલસીના રસમાં આપવા પડીકી આપી. અવલમા તુરત બોલ્યા, 'અત્યારે રાતે તુલસીના પાન નહીં તોડાય.'

વૈદ્યે કહ્યું, 'એ દવા તુલસીના સ્વરસમાં જ આપવાની છે.'

ચંપકભાઈના પત્નીએ કહ્યું, 'બાઈજી, તમે દેખતા નથી, પણ આગલા બે વળી ગયા એવી જ આની હાલત છે.'

વૈદ્યે કહ્યું, 'મોડું ન કરો, છોકરાની સ્થિતિ બગડતી જાય છે. તુલસી લાવો.' અવલમાએ કહ્યું,' રાખનારો ને લેનારો ભગવાન છે. એને લઈ લેવો હશે તો તુલસીનો રસ કામ નહીં લાગે, ને રાખવો હશે તો તુલસીના રસ વગર પણ રાખશે. બાકી હું બેઠી છું ત્યાં સુધી રાતે તુલસીનાં પાન ન તોડશો.

વૈદ્ય મૂંઝાયા. અવલમાએ કહ્યું : 'વહુ, તમારા સસરા આવા દરદોમાં બાળકોને રાતે લીંડીપીપર ને મધમાં દવા ચટાડતા. વૈદ્ય કહે તો એ રીતે ચટાડી દે.'

ને એ રીતે દવા ચટાડી. છોકરો જીવી ગયો.

તુલસીની આટલી સરસ વાતો કર્યા પછી ફૂલ જેવી સુગંધી કવિતાનીની શી જરૂર ? માંજરની મધમધ તમારી આંગળીઓમાં સમાવી લ્યો! જન વનદેવી!

# ભલા - કલ્યાણ - કામો કરી જાતના જીવોને આનંદ આપવા મથીએ

**જીવન જો દિવ્ય ચાહે તો, પ્રભુનું કામ કરતો જા;**
**સમય કાઢીને તું નિશ્ચિત, પ્રભુ ગુણગાન કરતો જા!**
**ગગનમાં ઊડતા પક્ષી, ફિકર કાંઈ નથી કરતા;**
**વસી સંસારમાં તું પણ, પ્રભુમાં મસ્ત રહેતો જા!**
**નિરંતર વહેતાં ઝરણાંઓ, કદી ના થાકતા જોયાં;**
**જીવન એવું જીવીને તું, સફલ આ ફેરો કરતો જા!**
**શશી,સુરજ અને તારા, સદા પ્રભુ પાસ રહેનારા;**
**જીવનમાં દાન દઈને તું, પ્રભુની પાસ રહેતો જા!**
**ચમકતી વીજળી વ્યોમે, થતી એ લુપ્ત ચમકીને;**
**ભલે હોયે ક્ષણિક તો પણ, જીવન તું ધન્ય કરતો જા!**
**મળ્યો મોંઘો આ માનવદેહ, સમજે તું રખે સોંઘો;**
**સદા જગમાં રહીને તું, સફળ જીવનને કરતો જા!**
**(સ્વા.ગી.મા.૧ )**

ઘણીવાર એવું લાગે ખરું, કે આપણે જીવનને બરાબર સમજ્યા જ નથી, સાચે જ જીવનનો મર્મ પામ્યા જ નથી. પશુ-પંખીની જેમ ખાવું-પીવું ને સંતાન પેદા કરવું એ જ ઈતિ કર્તવ્ય? એનાથી વિશેષ કઈ કદી વિચારીએ છીએ ખરા?!

મળેલું આ માનવ જીવન તો ઈશ્વરની અમૂલ ભેટ છે. ઈશ્વરની દેણગી છે. જેની પાસેથી આ કિંમતી માનવદેહ પ્રાપ્ત થયો તે વિશ્વામ્ભારને વહાલા થવાનું – ગમતા થવાનું કદી વિચાર્યું ખરું?!

દોસ્તો, જિંદગીનો મર્મ – હેતુ તો બહુ મહાન છે, બહુ ગંભીર છે, બહુ વિશાલ છે, બહુ ઉત્તમ છે, બહુ ખૂબીદાર છે અને બહુ આનંદદાયક છે. આપણા શાસ્ત્રાનુસાર આત્મા જ્યારે તદ્દન નિરંજન – નિરાકાર હોય ત્યારે તે પોતે પોતાના સત-ચિત-આનંદ સ્વરૂપમાં જ રહે છે. પણ જ્યારે તે કારણ દેહમાં આવે, પછી સૂક્ષ્મદેહમાં આવે અને પછી સ્થૂળ દેહમાં આવે ત્યારે તે સીધી રીતે બીજા જીવોને ખાસ આનંદ આપી શકે છે. અને પોતે જગતની દરેક વસ્તુમાંથી અખૂટ આનંદ લૂંટી શકે છે. આત્માની આવી ઉત્તમ સ્થિતિ થાય તેનું નામ જિંદગી છે. માટે બીજા જીવોને આનંદ આપવો અને પોતે દરેક વસ્તુમાંથી આનંદ મેળવવો એ જિંદગીનો મુખ્ય હેતુ છે.

આત્મા જ્યારે નિરંજન – નિરાકાર સ્થિતિમાં હોય ત્યારે તે કેવો હોય છે? ક્યાં હોય અને શું કરે? આ કઈ બધા જ જાણી-સમજી ન શકે. પણ જ્યારે તે જિંદગી રૂપે સ્થૂળદેહ ધરી આવે ત્યારે જ તેનો કાઈક ખ્યાલ આપણને આવી શકે છે. આ બધું અઘરું ને અટપટું લાગે.... પરંતુ મારે મન બીજ રૂપ તે કારણ દેહ છે. ઝાડ રૂપ તે સૂક્ષ્મ દેહ છે અને ફળરૂપ તે સ્થૂળ દેહ છે. કારણ કે એમાં જિંદગીની હયાતી આપણને ચોખ્ખી રીતે દેખાય છે. અને એનો લાભ લઈ શકાય છે. બીજી રીતે જોઈએ તો કારણદેહ એ ગર્ભમાં રહેલા ઈંડારૂપ છે. સૂક્ષ્મ દેહ તે જન્મેલ ઈંડામાં તૈયાર થયેલ જીવરૂપ છે. અને સ્થૂળ દેહ તે જગતમાં ગમે ત્યાં ઊડી શકે એવી પાંખોવાળા પંખી રૂપે છે. આવી રીતે સ્થૂળદેહ મારફતે આપણે જિંદગીની હયાતીના લાભ લઈ શકીએ છીએ. આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે કે મનુષ્ય દેહ ઉત્તમમાં ઉત્તામ્યે. તેથી તેની સાર્થકતા કરી લેવી જોઈએ. એ સાર્થકતા એ જ છે કે આપણે અન્યને આનંદ આપવો અને જગતમાંથી આનંદ મેળવવો. જો એ બે હેતુઓ ન હોય તો માનવ જીવનને કઈ અથ નથી. આત્મા પોતે જ આનંદરૂપ જ છે. પણ તે જયારે પોતાના જ આનંદની સ્થિતિમાં પોતાના સ્વરૂપમાં સ્થિર હોય ત્યારે તે સીધી રીતે બીજાને આનંદ આપી શકતો નથી. અને બીજી વસ્તુઓમાંથી આનંદ લઈ શકતો નથી. માટે બીજા જીવોને આનંદ આપવા માટે અને બીજી વસ્તુઓમાંથી આનંદ મેળવવા સારું તે વારંવાર અવતાર લે છે.



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

આ જ કારણસર આપણા માનવ જીવનના મુખ્ય બે હેતુ છે. પ્રથમ હેતુ એ છે કે, સૌ જીવોને આપણે આનંદ આપીએ અને બીજો હેતુ એ છે કે જગતની સૌ ચીજોમાંથી આપણે આનંદ મેળવીએ. આ હેતુઓની સિધ્ધિ અર્થે જ બધી જ જાતનું જ્ઞાન, ધર્મો, નીતિનિયમો, ચૌદ વિદ્યાઓ, વિધિવિધાનો – નિષેધો, શાસ્ત્રો, શક્તિઓ છે. જેના થકી ઉત્તમોત્તમ રીતે જીવી શકાય. આ હેતુઓ પાર પાડી શકીએ એ માં જ જિંદગીની સાર્થકતા સમાયેલી છે. સંસારમાં સ્વર્ગ લાવી શકાય એ માટે પ્રત્યેકમાં રહેલી જન્મજાત નૈસર્ગિક શક્તિઓ ખીલવવી જોઈએ. જગતને રોગમુક્ત કરીએ, દારિદ્રયને હાંકી કાઢીએ. સૌ મુક્ત ને મોકળા મને જીવી શકે. અજ્ઞાનના ઝાળા હટાવે. ભાવિ પ્રજા ખૂબસૂરત, તંદુરસ્ત ને કદાવર બને એ માટે વિચારવું રહ્યું. સઘળા કલેશ દૂર કરો. માનસિક દારિદ્રય દૂર કરો. આપણા અંતરંગમાં કાટ ચડ્યો છે એ કાટ દૂર કરી દેવત્વ પ્રાપ્ત કરીએ. બની શકે એટલા ભલા – કલ્યાણ – કામો કરી જગતના જીવોને આનંદ આપવા મથીએ. આજ આપણી જિંદગીનો પ્રથમ હેતુ છે. જિંદગીનો બીજો મહાન હેતુ આપણા સંપર્કમાં આવનારી દરેક વ્યક્તિ કે વસ્તુમાંથી કઈક ખાસ આનંદ મેળવીએ. આપણે આનંદ મેળવતાં શીખીશું તો જ આનંદ આપી શકીશું. દરેકમાંથી આનંદ મેળવતા શીખવું એ પણ એક કળા છે. એ અઘરું નથી માત્ર જરૂર છે વિધાયક દ્રષ્ટિકોણની.... એક વખત આ આનંદ મેળવવાની ટેવ પડી જશે તો પ્રત્યેકમાંથી લખલૂટ આનંદ પ્રાપ્ત કરી શકશો અને તમારા સંપર્કમાં આવનારને આનંદની લિજ્જત આપી શકશો.... થોડોક પણ પ્રામાણિક પ્રયાસ આદરી તો જુઓ!!

**સ્પર્શમણિ**

**ભગવાન તો આપણી સામે એક સમસ્યા અવારનવાર ઉભી કરી દે છે અને આપણે દરેક વાર પરીક્ષામાં પાસ થવું પડે છે કારણ એ છે કે, ભગવાનને પરિસ્થિતિ બદલે એમાં નહિ, આપણે બદલાઈએ એમાં વધુ રસ છે.**